જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૮/૦૬/૨૦૨૩ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૪૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૨૪૫ લીટર દેશી દારૂ, ૨૭૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૪૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૧ બિયર ટીન, ૦૧ કાર અને ૦૭ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૯૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૪૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૬ વ્યક્તિઓની અને પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૦૪૨/૨૦૨૩

**બોડકદેવઃ** અનિકેતભાઈ કમલેશભાઈ પટેલ (ઉ.વ.૨૭)(રહે.ફેસ્ટીવલ રેસીડેન્સી, એસ.જી. બિઝનેશ હબની બાજુમાં, સોલા) એ તા.૨૭/૦૬/૨૦૨૩ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૧/૨૦૨૧ થી જુલાઈ/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ગીરાબહેન પ્રદિપકુમાર ચોક્સી (રહે.ધ બનીયન એપાર્ટમેન્ટ, બોડકદેવ) એ પોતાના મકાનનુ ઇન્ટીરીઅર ડીઝાનીંગનું કામ અનિકેતભાઇની કંપની દ્વારા કરાવડાવી, બીલ મુજબના બાકી લેણા કુલ રૂપિયા ૨૪,૫૦,૦૦૦/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.વાય.ચૌહાણ ચલાવે છે.

## સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ- સમાચાર યાદી નં.૧૦૪૩/૨૦૨૩

**સરદારનગરઃ** વિશાલભાઇ કિશનચંદ ખટવાણી (ઉ.વ.૩૦)(રહે.રીવેરા બંગ્લોઝ પ્રેમપ્રકાશ આશ્રમની બાજુમાં નોબલનગર સરદારનગર) તા.૨૬/૦૬/૨૦૨૩ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે પોતાની ટી.વી.એસ. સ્કુટર ઉપર પત્ની અને પુત્રી સાથે પ્રેમપ્રકાશ આશ્રમ પાસે રોડ ઉપર બમ્પ નજીક પસાર થઇ રહ્યા હતા ત્યારે તેમની ટી.વી.એસ. સ્કુટરની બાજુમાં એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ વિશાલભાઇના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૭૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિશાલભાઇ ખટવાણી એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.વી.પટણી ચલાવે છે.

**નરોડાઃ** સુનિતાબહેન વા/ઓ રીતેષકુમાર ટુન્ડવાલ (ઉ.વ.૩૮)(રહે.સાંઇ એક્ઝોટીકા સી.એન.જી. પંપની બાજુમાં નાનાચિલોડા નરોડા) તા.૨૬/૦૬/૨૦૨૩ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે નરોડા નાનાચિલોડા શાયોના ફાર્મ પાસે આવેલ રોડ ઉપર ચાલતા પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સુનિતાબહેનના ગળામાં પહેરેલ સોનાનુ મંગળસુત્ર કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સુનિતાબહેન ટુન્ડવાલ એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એફ.ડાભી ચલાવે છે.

**મતા મુકેલ બેગ ઝુંટવી લઇ ગયાઃ- સમાચાર યાદી નં.૧૦૪૪/૨૦૨૩**

**કાલુપુરઃ** નુરમોહંમદ મોહંમદસફી શેખ (ઉ.વ.૬૬)(રહે."બી" વિંગ, મેફૈર એસ.વી.રોડ, મુંબઇ સુબુરબન, મહારાષ્ટ્ર) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૬/૨૦૨૩ ના કલાક ૫/૪૫ વાગ્યાના સુમારે કાલુપુર રેલ્વે સ્ટેશન ઓટોરીક્ષામાં બેસી કાલુપુર રીલીફરોડ, કેલીકોડોમ, રેમન્ડ શો-રૂમ પાસેથી પસાર થતા હતા ત્યારે એક ટુ વ્હીકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૩૦ વર્ષના આશરાના) એ ભેગામળી ઓટોરીક્ષા નજીક પોતાનુ ટુ વ્હીલર ચલાવી લાવી, નુરમોહંમદની પત્નિના હાથમાંથી બેગ ખેંચી ઝુંટવી નાસી ગયા હતા. આ બેગમાં સોનાના દાગીના કિંમત રૂપિયા ૩,૬૦,૦૦૦/-, મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨,૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬,૦૫,૦૦૦/- ની મતા મુકેલ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એ.કરમુર ચલાવે છે.

**ચોરીઃ- સમાચાર યાદી નં.૧૦૪૫/૨૦૨૩**

**સેટેલાઇટઃ** રાઘવભાઇ દીનેશભાઇ લાખાણી (ઉ.વ.૨૫)(રહે.ઇશાન ટાવર વિભાગ-૦૩ સાવી હોસ્પીટલની બાજુમા પ્રહલાદનગર આનંદનગર) એ તા.૨૭/૦૬/૨૦૨૩ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૬/૨૦૨૩ સાંજના ૭/૦૦ થી તા.૨૬/૦૬/૨૦૨૩ બપોરના ૩/૦૦ દરમ્યાન ઝાંસીની રાણીના પુતળા પાસે "ક્લાઉડ-9" નામની નવી બનતી સાઇડના "બી" બ્લોક નીચે મુકેલ એ.સી.ના સામાનમાંથી MPCL INDUSTRIES LIMITED" કંપનીના કોપર પાઇપીંગના બોક્ષ નંગ-૨૨ કિંમત રૂપિયા ૫,૦૪,૧૦૮/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

**વાહન ચોરીઃ- સમાચાર યાદી નં.૧૦૪૬/૨૦૨૩**

**નરોડાઃ** હિતેષ જયકુમાર લાલવાણી (ઉ.વ.૨૯)(રહે.શિખર સાઈન શિખર એવન્યુ પાછળ, નાના ચિલોડા નરોડા) એ તા.૨૭/૦૬/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૬/૨૦૨૩ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે નરોડા એમરલ્ડ હોટલ પાસે આવેલ સાંઈબાબા એસ્ટેટમાં દુકાન નં-૫ "જે.બી.કાર્સ" નામની દુકાન આગળ રોડની સાઈડમાં વેચાણ સારૂ રાખેલ મહિન્દ્રા કંપનીની એક્સ.યુ.વી.૫૦૦ મોડલ કાર નંબર જીજે.૦૫.જેઇ.૩૮૧૫ કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- હિતેષભાઇની દુકાને ગ્રાહક બનીને આવેલ અજાણી વ્યક્તિ કારની ચાવીઓના ડબ્બામાંથી હિતેષભાઇની નજર ચુકવી કારની ચાવી લઈ કાર ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એલ.રાઠોડ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૪૭/૨૦૨૩</u>**

**એરપોર્ટઃ** પ્રકાશ ઉર્ફે કાળો રાજુભાઇ વાઘડીયા(ઉ.વ.૩૫)(રહે,રમેશદત્ત કોલોની ભીલવાસ પાણીની ટાંકી પાસે શીતળામાંના મંદીર પાછળ સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૬/૨૦૨૩ સવારના ૧૧/૧૫ વાગ્યા પહેલા ભદ્રેશ્વર દશામાના મંદીર સામે મહાદેવના મંદીર પાસે સ્મશાનગૃહમાં આવેલ લીમડાના ઝાડની ડાળી સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ચંદુભાઇ જીવાજી ચલાવે છે.

**સરખેજઃ** સાગર હરીપ્રસાદ ડામોર (ઉ.વ.૨૨)(રહે.સર્વન્ટની ઓરડીમાં, અભિશ્રી રેસીડન્સી વિભાગ-૧, આંગન હોટલ સામેની ગલીમાં રાજપથ રોડ આંબલી સરખેજ)(મુળ વતનઃ-તંબોલીયા તા-સીમનવાડા જિ-ડુંગરપુર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૬/૨૦૨૩ ના કલાક ૨/૩૦ થી ૨/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના રૂમમાં પંખા સાથે રૂમાલ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.કણસાગરા ચલાવે છે.

**વેજલપુરઃ** સંજયભાઇ બચુભાઇ શાહ (ઉ.વ.૪૮)(રહે,આકાશનીધી એપાર્ટમેન્ટ મીરા મંગલ ફ્લેટ પાસે રેડીયો મીર્ચી રોડ આનંદનગર) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૬/૨૦૨૩ સવારના ૧૦/૦૦ થી બપોરના ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાની જાતે કોઈ ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને એસ.વી.પી. હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૦૬/૨૦૨૩ ના કલાક ૩/૧૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ સંજયભાઇને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી